શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન • જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૨૮ • સળંગ અંક : ૧૩૨ • તા.૧૯ ડિસેમ્બર થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૦




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# મધુર અને કઠોર વાણીની અસર

જૈન ધર્મમાં કહ્યું છે કે મન, વચન અને કર્મથી જાણતા કે અજાણતા કોઈને દુ:ખ પહોંચે એવું કરવું નહીં. જીભથી રોજે રોજ સ્થૂળ અને સૂક્ષ્મ હિંસા થતી હોય છે. એટલે શાબ્દિક હિંસાને રોકવી જોઈએ. માણસે વાણી પર એટલે કે જીભ પર અંકુશ રાખવો જોઈએ. એવો જ પ્રતિબંધ વિચારો પર પણ રાખવો જોઈએ. કારણ કે વિચાર પ્રેરે છે વાણીને બહાર પ્રગટવાનું. એટલે વિચારો પર લગામ એટલે વાણી પર આપોઆપ લગામ આવી જવાની. એવી જ રીતે સ્વભાવને પણ પોતાના કાબુમાં રાખવો જોઈએ. કોઈની ઉપર ગુસ્સો આવે. રોષ ઊભો થાય ત્યારે માણસ મૌન ધારણ કરે તો ઘણી શાંતિ અને સમતા, સ્થિરતા મળે છે. મૌનથી મન શાંત થઈ જશે. તનાવ ઓછો થઈ જશે. ક્રોધ ઉપર કન્ટ્રોલ લાગી જશે. કોઈ આપણી સામે ગમે તેવું બોલે પણ આપણે જો એ મનમાં ન ધરીએ તો સામી વ્યક્તિનું આ વાણી શસ્ત્ર બુઠ્ઠું થઈ જશે.

પ્રેમ અને સ્નેહ પ્રસારમાં ભાષા કરતા મૌનનું માધ્યમ વધુ અસરકારક અને અર્થપૂર્ણ છે. કારણ કે, તેમાં શબ્દો કરતાં ભાવનું મહત્વ વધુ છે. માણસ જ્યારે મૌન રહે છે ત્યારે તેની આંખો અને ચહેરા પર વધુ ગહન ભાવ રહે છે. આ ભાવ હૈયાના ઊંડાણમાંથી પ્રગટેલા હોય છે. બોલવા કરતાં ચૂપ રહેવું વધુ મુશ્કેલ છે. તેમાંય ઉશ્કેરણી વચ્ચે મૌન જાળવવું એ ખરી કસોટી છે. ઉગ્રતા વચ્ચે શાંતિ જાળવવા જેવી આ વાત છે. એમાં જ ખરી કસોટી થાય છે. આ ચૂપ રહેવાની કલા જેને આવડી જાય તેને માટે મૌન અદ્દભૂત તાકાત બની જાય. જેનું મૌન મક્કમ અને મજબૂત છે તેની સામે શબ્દો રૂપી શસ્ત્રો હેઠા પડે છે. આપણી ટીકા અને નિંદા કરનારાઓનો મુખ્ય ઉદ્દેશ આપણને દુ:ખી કરવાનો અને વ્યથિત કરવાનો હોય છે. પરંતુ આપણે પ્રતિભાવ ન આપીએ તો આપણી સામે વાણી વિલાસ, વાણી પ્રહાર કરનારના હથિયાર બુઠાં બની જાય છે.

કેટલાક જણ સમય, સંજોગો અને સ્થળનો વિચાર કર્યા વગર ગમે ત્યારે ગમે તેવું બોલી નાખે છે. કટુવાણી માણસને વીંધી નાખે છે. આ કાતિલ ધારવાળા શબ્દોના ઘાવ ઝટ રૂઝાતા નથી. વાણીના વચનોમાં એટલી તાકાત છે કે એ સંબંધોને જોડે છે અને તોડે પણ છે. અન્ય સાથેના વહેવારમાં વાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. સામી વ્યક્તિનું દિલ ઘવાય, તેની અવહેલના થાય કે તેના સ્વમાનને ઊંડો ધક્કો પહોંચે એવા શબ્દોના તાતા તીર છોડવા ન જોઈએ. મીઠા વેણ સહુ કોઈને ગમે છે. પણ અપમાનજનક કટુ વેણ કોઈને પસંદ ન પડે એ દેખીતું છે. મધુરવાણી એક વશીકરણ મંત્ર જેવી છે. જેનાથી સૌ મોહિત થઈ જાય છે જ્યારે કટુ વચનો કટંક જેવા છે જેની પીડા ન ભૂલાય એવી હોય છે.

– જ્ઞાતિમૈયા

# સુખ અને દુઃખ જાણે ધૂપ અને છાંય

સુખ કે દુઃખ આમ જોઈએ તો મનની અવસ્થા છે. સાબૂત, સશક્ત અને મક્કમ મનથી વિચારીએ તો કોઈપણ આપતિ, સંકટ કે વિપદાનો દુઃખ એટલો નહીં લાગે. કારણ કે સમય સુખનો છે કે દુઃખનો એ મનની લાગણી છે બીજું કંઈ નહીં.

આપણું જીવન સરળ, સપાટ હોય એનું સુખ માણવા કરતાં આપણે અન્યોના રસ્તાના ઉબડખાબડ પ્રતિ દ્રષ્ટિ ધરાવીએ છીએ. તેઓ કંઈ રીતે જીવન જીવે છે, સમય વ્યતિત કરે છે તેની પ્રતિ આપણી નજર હોય છે. આમાં જ આપણું સુખ માણ્યા વગર વિતી જાય છે. અન્ય સુખી હોય એ વાત આપણાથી પચતી નથી. એટલે સુખ દુઃખનું મૂળભૂત કારણ આપણે પોતે જ ખાસ કરીને આપણો સ્વભાવ હોય છે.

રોજેરોજ સૂરજ ઉગે અને ધૂપ તથા છાંય માણવા મળે છે. સૂરજ આપણને અજવાળું આપે છે. સાથો સાથ ધૂપ સાથે તપન અને છાંય સાથે શમન, શાતા, શાંતિ આપે છે. એવી જ રીતે જીવનકાળમાં સુખને દુઃખની ઝાંયને ઝલકને સ્વીકારવી પડે છે. દુઃખના તાપથી તપયા પછી જ સુખની કદર થાય છે તે સિવાય નહીં. કલકલ વહેતાં ઝરણા કાંટા, કંકરને ગણકાર્યા વગર સતત પોતાની મસ્તીમાં વહે છે. તેઓ આની ફરિયાદ કરતાં નથી કે પોતાની ગતિ ગુમાવતા નથી. માત્ર વહીને પોતાનો આનંદ માણે છે. આવી મોજ અને મસ્તી આપણને શીખવે છે કે સંજોગ સમય કોઈપણ હોય માત્ર આનંદ માણો જીવનની પ્રત્યેક ક્ષણ અમૂલ્ય છે. એને માણો.

જેમ રાત પછી દિવસ, તડકો સાથે છાંય, શ્રમ સંગે વિરામ એવી જ રીતે સુખ સાથે દુઃખની જોડી ઈશ્વરે સર્જી છે. તે પ્રત્યે તેની અવગણના કરવાથી પરિસ્થિતિ બદલાઈ જવાની નથી. પણ સમયને ઓળખી લેવાથી સુખનો આનંદ મળશે અને દુઃખ પરિસ્થિતિ હળવી લાગશે. સુખીની પરિસ્થિતિ હોય ત્યારે દુઃખને પણ સંભાળવાથી સુખ કાળનો અહમ નહીં થાય કે દુઃખ પરિસ્થિતિ આવે ત્યારે તેનો તાપ કે તેની પીડા એટલી આકરી નહીં લાગે. દરેક પરિસ્થિતિનો અંત હોય છે. કોઈ વસ્તુ, સમય કે સંજોગ શાશ્વત નથી. ઝળહળતો પ્રકાશ હોય કે ગાઢ અંધકાર હોય. પ્રત્યેક સમયની દરેક ક્ષણ માણવી જોઈએ, જાણવી જોઈએ અને સ્થિરતાથી પસાર કરવી જોઈએ. સમય કે સંજોગો કેવા પણ હોય તેનો પ્રભાવ કે તેનો ખોફ આપણી પણ હાવી ન થવો જોઈએ એટલું થાય તો પણ ઘણું.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કોરોનાને મહાત આપતા ૯૮ વર્ષીય પુરબાઈ રતાણી



ઉર્દુના પ્રખ્યાત શાયર મોહમ્મદ ઈકબાલનો એક પ્રસિદ્ધ શેર છે,

**कुछ बात है कि हस्ती, मिटती नहीं हमारी**

**सदियों रहा है दुश्मन, दौर-ए-ज़माँ हमारा**

ઈકબાલએ તો આ પંક્તિઓ દેશભક્તિના ગીત **सारे जहां से अच्छा हिन्दोस्तां हमारा...** ના ભાગ રૂપે લખી છે પરંતુ કચ્છી દશા ઓશવાળ જૈન સમાજના મુલુંડવાસી પુરબાઈ રતાણીને પણ આ પંક્તિઓ બરાબર લાગુ પડે છે. ત્રણેક વાર હાર્ટ-અટેક, કિડનીનો પ્રોબ્લેમ, પગમાં નટ-બોલ્ટ, કરોડરજ્જુના મણકાની સર્જરી જેવી ઢગલાબંધ સર્જરીઓ દુશ્મન સમાન અઢળક તકલીફો વચ્ચે ઉમરમાં સદીને આરે પહોંચેલા મૂળ ગામ તેરા-કચ્છના ૯૮ વર્ષના પુરબાઈ રતાણી હાલમાં ઘરે જ રહીને પોતાના અડગ વિલપાવરથી કોરોના સામે ટકી ગયાં. ડોક્ટરો માટે પણ આ આશ્ચર્ય છે.

રામ રાખે તેને કોણ ચાખે? એ કહેવત જાણે મુલુંડમાં રહેતાં ૯૮ વર્ષનાં પુરબાઈ રતાણી માટે જ બની હોય એવું લાગે છે. આજથી લગભગ બાર વર્ષ પહેલાં કિડની ખરાબ થઈ ગઈ હોવાથી હવે તેઓ લાંબું નહીં જીવે એવું ડોક્ટરે કહી દીધું હતું એ પુરબાઈમાએ તાજેતરમાં કોરોના સામેનો જંગ ઘરે રહીને જ જીત્યો છે. તેમના ડોક્ટર ડો. હિરેન ગાલાને એમ લાગતું હતું કે કદાચ ઉંમરને કારણે તેમને હોસ્પિટલાઇઝ કરવાં પડશે. જોકે તેમનું ઑક્સિજન લેવલ એટલું મસ્ત રહ્યું કે ઘરમાં રહીને લાંબી દવા વિના જ તેઓ સાજાં થઈ ગયાં. આમ તેઓ ખરા અર્થમાં વરિષ્ઠ કોરોના યોધ્ધા સાબિત થયા છે.

પુરબાઈમાના લગ્ન તેઓ ૧૩ વર્ષના હતા ત્યારે થયાં હતાં. લગ્ન પછી ૩૮ વર્ષ સુધી તેઓ ઘાટનજી રહેતા હતા. ત્યારપછી યવતમાળમાં વસવાટ કર્યા બાદ મુંબઈ સ્થાયી થયા. ભૂતકાળને વાગોળતાં પુરબાઈમા જણાવે છે કે કોઠારા-કચ્છના કાન્તાબેન ગોવિંદજી અજાણીએ એમને ઘરનાં મેમ્બરની જેમ રાખ્યાં હતાં એટલું જ નહીં, તેમણે ૩ વર્ષ માટે વોશિંગ્ટન-અમેરિકા પણ મોકલ્યા હતા. તેમના પતિને ગુજરી ગયે ૬૦ વર્ષથી ઉપરનો સમય વીતી ગયો હોવા છતાં તેમણે પોતાની ત્રણેય દીકરીઓને પોતાના આત્મબળથી ઉછેરીને પરણાવી. હાલ તેઓ તેમની નાની દીકરીના ઘરે મુલુંડમાં રહે છે. પોતાનાં સાસુનાં મમ્મી એટલે કે નાનીસાસુની વાત કરતાં ડિમ્પલ વિપુલ ધરમશીએ કહ્યું કે, અમે તેમને મિરેકલ નાનીમા

# કોરોનાને મહાત આપતા ૯૮ વર્ષીય પુરબાઈ રતાણી





કહીએ છીએ. ૯૮ વર્ષની ઉમર થઇ હોવા છતાં તેમની તંદુરસ્તી ખૂબ સારી છે. તેઓ સંપૂર્ણપણે એક્ટિવ છે અને પોતાનું દરેક કામ પોતે જ કરવા ઉપરાંત કપડાને ગડી વાળવી, શાક સમારવા જેવા કામ પણ કરી શકે છે. રોજની એક બ્લડ-પ્રેશરની ગોળી અને મલ્ટીવિટામીન સિવાય અન્ય કોઈ દવા લેતાં નથી. ક્યારેક તબિયત બગડે અને ડોક્ટર આવીને ઇન્જેક્શન મારે અને એક કલાકમાં સાજાં થઈ જતાં હોય છે.

તાજેતરમાં તેમના કુટુંબના સભ્યોને થયેલા કોરોના વાયરસના સંક્રમણ અંગે માહિતી આપતાં ડિમ્પલ કહે છે,અમારા ઘરમાં સૌથી પહેલાં મારાં સાસુને તાવ આવ્યો, અશક્તિ જેવું લાગતું હતું એટલે અમે કોવિડ રિપોર્ટ કરાવ્યા. તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો એટલે અમને થયું કે હવે બધાના રિપોર્ટ કરાવી લઈએ.

અમારા બધાના અને છેલ્લે ૨૩ નવેમ્બરના અમારાં નાનીમાનો રિપોર્ટ કરાવ્યો તો તે પણ પોઝિટિવ. તેમને કોઈ જ લક્ષણો નહોતાં. તેમની ઉંમરને કારણે અમે ડરતાં હતાં પણ તેઓ અમને કહેતાં કે તમે ચિંતા નહીં કરો, મને કંઈ નહીં થાય. સમયસર ભોજન લેતાં, તેમને જે ઉકાળો આપતાં એ પી લેતાં. હળદરવાળું દૂધ પીતાં. ફ્રૂટ્સ વગેરે ખાતાં. જાતે બાફ લઈ લેતાં. કદાચ હોસ્પિટલમાં જવું પડે તો એના માટે પણ તેમણે સામાન પેક કરી નાખ્યો હતો. તેમનામાં હિંમત અને પોઝિટિવિટી એવી હતી કે એના જ દમ પર તેઓ સાજાં થયાં છે.'

ઑક્સિજન લેવલ તેમનું છેક સુધી ઍક્યુરેટ રહ્યું જેથી હોસ્પિટલ જવાની જરૂર જ ન પડી. કોરોના સામે હિંમત હોય તો કેવા મિરેકલ સર્જી શકાય છે એનાં આ 'નાનીમા' શ્રેષ્ઠ ઉદાહરણ છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ૫ા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સાંધાણ તીર્થે દ્વિદિવસીય ૧૮ અભિષેક સાથે ધ્વજા મહોત્સવ થયો





કચ્છ અબડાસાની મોટી પંચતીર્થીના મહાતીર્થ સાંધાણ તીર્થે તા.૧૫ ડિસેમ્બર અને ૧૬ ડિસેમ્બર મંગળવાર અને બુધવાર દિને જિનાલયની ૧૬૭મી ધ્વજા બદલીના અવસરે અઢાર અભિષેક અને સતર ભેદી પૂજા સહ ધ્વજા મહોત્સવ પ.પૂ.મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં વિધિકાર શ્રી નરેન્દ્રભાઈ નંદુની સંગાથે આનંદ, ઉત્સાહ સભર માહોલમાં ભવ્યતાથી સંપન્ન થયો.

**લાભાર્થી પરિવાર :**

ટુંક ૧ – શ્રી શાંતિનાથ ભગવાન સાથે ટુંક ૩ – શ્રી આદિનાથ ભગવાન : મા. લક્ષ્મીબેન લાલજી ધરમશી (બારશીવાળા)
ટુંક ૨ – શ્રી મહાવીર સ્વામી ભગવાન સાથે ટુંક ૯ – શ્રી પદ્મપ્રભુ ભગવાન : ચી. હિરલ ગુલાબ ધરમશી
ટુંક ૪ – શ્રી શાંતિનાથ ભગવાન : મા. સોનલબેન કુલીનકાંત નાગડા
ટુંક ૫ – શ્રી સંભવનાથ ભગવાન : મા. લક્ષ્મીબેન વેલજી ધરમશી
ટુંક ૬ – શ્રી શાંતિનાથ ભગવાન : મા. મણીબાઈ ડુંગરશી ધરમશી
ટુંક ૭ – શ્રી જીરાવાલા પાર્શ્વનાથ ભગવાન : શ્રી તિલકચંદ જેઠાભાઈ મૈશેરી
ટુંક ૮ – શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન : મા. લક્ષ્મીબેન લાલજી ધરમશી (બારશીવાળા)





# મોટી પંચતીર્થીના સાંધણ તીર્થમાં મુનિશ્રીઓએ સ્પર્શના કરાઈ





તા.૧૩ ડિસેમ્બર રવિવાર દિને કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતની મોટી પંચતીર્થીના સાંધાણ તીર્થે પ.પૂ.મુનિશ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ.શ્રી પ્રિયંકરસાગરજી મ.સા. આદિ ઠાણાએ સ્પર્શના કરેલ. આ અવસર પ્રસંગે સંઘના શ્રાવક શ્રાવિકાઓમાં ઉત્સાહ ઉલ્લાસનો માહોલ રહ્યો હતો.





# શ્રી શત્રુંજય મહાતીર્થે આદિનાથ જિનાલયમાં ત્રિદિવસીય સુપાત્ર ભક્તિ સાથે સુંદર અંગરચના રખાઈ

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના પરમ પુણ્યશાળી સાંનિધ્યમાં પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ દાદાની પાવન છાયામાં અજોડ શાસન પ્રભાવક, અખંડ ૧૯મા વર્ષીતપના તપસ્વી રત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૫૨મી દીક્ષાતિથિ નિમિત્તે ભક્તો દ્વારા કચ્છી ભવનમાં ત્રણ દિવસ સુપાત્ર ભક્તિ અને ત્રણ દિવસ આદિનાથ જિનાલયમાં પરમાત્માની સુંદર અંગરચના કરાઈ ભક્તિ કરાઈ હતી.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સુથરી મહાતીર્થે પ.પૂ.મ.સા. આદિઠાણા ૮ના સ્પર્શના લાભ



તા.૧૪ ડિસેમ્બર સોમવાર દિને સવારે કચ્છ અબડાસાની મોટી પંચતીર્થીના મહાતીર્થ સુથરી તીર્થે પ.પૂ.મુનિશ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ.પ્રિયંકરસાગરજી મ.સા. આદિઠાણા ૮ના સુથરી નગરે તીર્થ સ્પર્શના કરેલ.

પૂજ્ય ભગવંતોનો બે દિવસનો નિશ્રાનો લાભ સંઘને મળ્યો હતો.





# નલિયા તીર્થમાં જિનાલયનો ૧૬૭મો ધ્વજા મહોત્સવ ઉજવાયો



કચ્છના નલિયા તીર્થના પ્રભુ શાંતિનાથ દાદા, પ્રભુ પુંડરીક નાથ તેમજ પ્રભુ કુંથુનાથ જિનાલયની તા.૧૬ ડિસેમ્બર બુધવારના રોજ ૧૬૭મા વર્ષગાઠે ધ્વજા મહોત્સવ ભવ્યપણે યોજાયો. આ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ જેમાં સંઘના શ્રાવક શ્રાવિકો ઉમટભેર જોડાઈ ધન્ય લાભ લીધો હતો.

# કોર્પોરેટર નેહલ અમર શાહ ખોનાના જનસંપર્ક કાર્યાલયનું ઉદ્દ્ઘાટન માટુંગા (સે.રે.) ખાતે થયું





તા.૧૭ ડિસેમ્બર ગુરૂવારના મુંબઈ મહાનગરપાલિકા વોર્ડ ૧૭૭ના કોર્પોરેટર નેહલ અમર શાહ ખોના સાંધવ-દાદર (ઈસ્ટ)ના પ્રતિનિધિત્વ ક્ષેત્ર માટુંગા (સે.રે.)માં જનસંપર્ક કાર્યાલય સેવાલયનું ભારતીય જનતા પક્ષના અગ્રણી નેતા ગણની ઉપસ્થિતિમાં ઉદ્દ્ઘાટન થયું. ઉપસ્થિત સૌ મહાનુભાવોએ નગરસેવિકા નેહલબેનની સેવા સર્મપિતાને તથા તેમના કાર્યો પ્રત્યેના ઉત્સાહને મોકળા મને બિરદાવ્યા હતા.







# સાંતાક્રુઝ (વેસ્ટ) સંઘમાં સમૂહ સામાયિક તેમજ લઘુ સિધ્ધિ ચક્રની આરાધના કરાઈ





શ્રી સાંતાક્રુઝ (વેસ્ટ) અચલગચ્છ જૈન સંઘમાં વિક્રમ સંવત ૨૦૬૬ની સાલમાં સંઘમાં યશસ્વી ચાતુર્માસ કરનાર પરમ વિદુષી, મિતભાષી પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ની ૭મી પુણ્યતિથિ નિમિત્તે સંઘમાં બિરાજમાન તેમના જ પ્રશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી સિધ્ધિવર્ષાજી મ.સા. ઠાણા-૨ની નિશ્રામાં માગસર સુદ ૧ તા.૧૫ ડિસેમ્બર મંગળવારના સવારે ૯.૪૫ કલાકે સમહ સામાયિક-સામાયિકમાં લઘુ સિધ્ધિચક્રની આરાધના ભાવ સભર રીતે થઈ.











# કલાપ્રભસાગરસૂરિની નિશ્રાએ ડોંબીવલી સંઘમાં જામશે ધર્મમય આરાધના

ડોંબીવલી નગરે માસ કલ્પ સ્થિરતાએ પધારેલા અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૬ની નિશ્રામાં સુંદર આરાધનાઓ ચાલે છે. નિત્ય સવારના ૯.૧૫ થી ૧૦.૩૦ અને રાત્રિ ૯.૦૦ થી ૧૦.૦૦ પ્રવચન બે ટાઇમ ચાલે છે. સાંકળ અઠમ તપ પણ ચાલે છે.

માગસર સુદ-૭, તા. ૨૧/૧૨/૨૦૨૦ના શ્રી સંઘ સંચાલિત શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલયની વર્ષગાંઠે અઢાર અભિષેક સહ સત્તરભેદી પૂજા ભણાવાશે.

માગસર સુદ-૧૦ તા. ૨૪/૧૨/૨૦૨૦ના જિન શાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદય સાગરસૂરીશ્વરજી મ.સા.ની... દીક્ષાતિથિએ ગુણાનુમોદન આયંબિલ તપ કરાવવામાં આવેલ છે.

માગસર સુદ-૧૧ તા. ૨૫/૧૨/૨૦૨૦ના મૌન એકાદશીએ સમગ્ર ડોંબીવલી જૈન સંઘના આયોજને પૌષધોપવાસ કરાવવામાં આવશે.

માગસર સુદ-૧૫, તા. ૨૯/૧૨/૨૦૨૦ના મંત્ર પ્રભાવક દાદા ગુરૂ દેવ પ.પૂ.આ.ભ. શ્રી મેરુતુંગસૂરીશ્વરજી મ.સા.ની પૂણ્યતિથિ એ સામુહિક સ્નાત્ર મહોત્સવ સવારના ૭.૦૦ કલાકે ઉપરોક્ત દરેક અનુષ્ઠાનો સહ પ્રવચનોમાં વધુમાં વધુ ભાગ્યશાળીઓ લાભ લેશો એમ માનદ્ મંત્રીઓ દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.

# દક્ષિણ ભારત કેડીઓ જૈન એકમના કચ્છી ભવનના નિર્માણની ગાથા

કચ્છી ભવન બેંગલુરુ આજે ડીબી કેડીઓ જૈન એકમના હસ્તગત ગૌરવભેર છે. જેની એક અલગ અને ગૌરવપૂર્ણ ગાથા છે. જે એક રીતે અનોખી પણ છે. કચ્છી ભવન બેંગ્લુરૂના નિર્માણ માટે ગંજાવર ભંડોળ ઊભું કરવા એક નવીન પધ્ધતિ ડીબી કેડીઓ જૈન એકમ એટલે કે દક્ષિણ ભારત કેડીઓ જૈન એકમ દ્વારા એક દાયકા કરતા વધુ સમય પહેલાં સામાજિક સ્તરે અપનાવવામાં આવી હતી.

જરૂરી ભંડોળ રકમનો એક ભાગ બેંકમાંથી લોનના રૂપમાં એકત્ર કરવામાં આવ્યો હતો. સામાન્ય પણે ખાનગી ક્ષેત્રમાં આ જ મોડેલનું પાલન કે અમલ થાય છે. પરંતુ આ વિચારને સ્વીકારવા. ભંડોળ જમા કરવા, અતિ આધુનિક ભવનનું નિર્માણ કરવા વ્યક્તિગત ગેંરટીઝ આપવા અને આર્થિક ગોઠવણ પૂરી કરવા માટે મોટી હિંમતની જરૂર પડે છે. સામાજિક કારણોસર માનદ્ કાર્ય માટે વ્યક્તિગત વિશ્વસનિયતા જોખમમાં મૂકવાની અને તેના સમયસર ચૂકવણીની ખાતરી કરવા માટે પ્રશંસનીય છે. ઓછામાં કહીએ તો આ મોડેલને અનુસરીને કેડીઓ સંસ્થા દ્વારા બનાવેલી આ પ્રથમ મોટી સંપત્તિ હોઈ શકે.

આ હિંમતભેર પગલાં લેવા માટે કચ્છી ભુવન ઊભું થયું ન હોત કારણ કે ઉપલબ્ધ નાણા હંમેશા જરૂરી નાણાં કરતા ઓછાં હોય છે.

ભાડાની આવક રકમમાંથી લગભગ રૂા. કરોડનું વ્યાજ સહિત સંપૂર્ણ ચૂકવણું કરવામાં આવ્યું છે અને હાલમાં આ સંપત્તિ મફત છે. હવે વર્ષ પછી થતી આવકએ એકમની વિવિધ એવા ભાવી પ્રવૃત્તિઓ માટે ઉપયોગી થશે. જે દાન વિના સ્વ નિર્ભર હશે.

આમ શ્રી દક્ષિણ ભારત કેડીઓ જૈન એકમનું કાર્ય સરળ અને સરસ રીતે થઈ ગયું તેનો હૈયે સંતોષ અને આનંદ છે એવું રિટાયર્ડ ઈન્કમ ટૅક્સ ઓફિસર શ્રી તિલકચંદ કે.લોડાયા એ જણાવ્યું છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# પાલીતાણા તીર્થના ગુણોદયપુરમમાં પાર્શ્વ પંચકલ્યાણક પૂજા તથા ચારૂ વેલડીઓની ગીતાંજલિ અર્પણ કરાઈ





અચલગચ્છાધિપતિશ્રીજીના આજ્ઞાનુંવર્તીની પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ની ૭મી પુણ્યતિથિ પ્રસંગે પ.પૂ. આ.ભ.ક્ષી કવિન્દ્ર સાગર સૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં પાલીતાણા તીર્થના ગુણોદય પુરમમાં પાર્શ્વપંચકલ્યાણક પૂજા તથા ચારૂ વેલડીઓની ગીતાંજલિ અર્પણ કરાયા.









# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની દિવ્યાંગ શક્તિ યોજનાના આધારસ્તંભ બનનાર દાતાની અનુમોદના

કડીઓ દિવ્યાંગ પાલક

KDO દિવ્યાંગ

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**"આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"**

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.



## કુ. મેહર જીતેશ મોતીચંદ ખોના

કચ્છ - નલિયા, મુંબઇ - મુલુંડ

## દિવ્યાંગ શક્તિ

## Rs. 11,000

**હાર્દિક અભિનંદન, ભૂરી ભૂરી અનુમોદના**

અન્ય પ્રત્યે ઉદારતાએ માનવ સમાજ માટે ઉત્તમ સભ્યતાની નિશાની છે. આપણાથી નાના, અધૂરા, અસહાય જીવો પ્રત્યે અનુકંપા દાખવનાર સર્વશ્રેષ્ઠ ઈન્સાન છે. જેઓ આપણાથી નીચે રહે છે, વસે છે તેમનો ઉદારતાપૂર્વક ખ્યાલ કરવો, તેમને યાદ રાખવું એ આદર્શ માનવતા ભરી પવિત્ર ફરજ છે.

કુ. મેહર જિતેશ મોતીચંદ ખોના, નલિયા-મુલુંડ એ જ્ઞાતિના દિવ્યાંગજનોના ઉત્કર્ષ માટે કલ્યાણકારી કાર્ય કરતી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની દિવ્યાંગ શક્તિ યોજનામાં રૂા.૧૧ હજાર નોંધાવી ઉત્તમ સહકાર આપ્યો છે. તેમની ભાવનાની કદર કરી અઢળક અનુમોદના કરીએ છીએ.

# કોઠારા તીર્થે પધારેલા મુનિભગવંતોનું ભાવસભર સ્વાગત કરાયું



તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. આદિ ઠાણા કચ્છ પ્રાંતની અબડાસા પંચતીર્થીના કોઠારા તીર્થે પધારતા કોઠારા જૈન પાઠશાળા પાસે શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયું હતું. પ્રેમચંદ મોમાયાએ જૈન નારાઓ બોલાવ્યા હતા.

ઉપાશ્રયે પહોંચી પૂ. રાજરત્નસાગરજી મ.સા.એ માંગલિક શ્રવણ કરાવ્યું હતું. પ.પૂ. ભાગ્યોદયસાગરજી મ.સા.એ દેવ અને ગુરૂનો મહિમા સમજાવ્યો હતો. સવારની નવકારશી તથા સંઘપૂજન શ્રી કોઠારા જૈન મહાજન દ્વારા યોજાયા હતા. બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર પરિવાર દ્વારા યોજાયું હતું. માસ્ક તથા રોગપ્રતિકાર શક્તિવર્ધક હોમિયોપેથીક ગોળીઓનું વિતરણ કરવામાં આવેલ.

પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, પ્રદિપ મુનવર, દિનેશ મોતા, વર્ધમાન લોડાયા, ગુલાબ મોતા, હીરાલાલ જીવાણી, જયાબેન મુનવર, રમીલાબેન લોડાયા, વિમલાબેન લોડાયા, સરલાબેન મોતા, પુષ્પાબેન અજાણી, મુક્તાબેન સોની, ભાવનાબેન, કાંતાબેન તથા શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

વ્યવસ્થા આયોજનમાં કાંતીલાલ લાલકા, નીલેશ લોડાયા, ગણેશ ગોસ્વામી, મહેન્દ્ર ડાઘાએ સહકાર આપ્યો હતો.




# વડાલા અચલગચ્છ જૈન સંઘમાં શ્રી સંભવનાથ જિનાલયના ૩૪મા ધ્વજારોહણ મહોત્સવનું આયોજન


સુરિશ્વરોના આજ્ઞા આશિષે ચાતુર્માસાર્થે બિરાજમાન અચલગચ્છાધિપતિશ્રીજીના આજ્ઞાવર્તીની પરમ વિદુષી પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી નવકારપ્રિયાશ્રીજી મ.સા. આદિઠાણા-૨ એવં પ્રર્વતિની મહતરા, શ્રી નવકાર મંત્ર આરાધક પ.પૂ.મુખ્યાસાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી અર્હતકિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી વિમલ કિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી વિરલકિરણાશ્રીજી મ.સા. આદિઠાણા-૩ની પાવન સભર નિશ્રામાં માગસર સુદ ૭ સોમવાર તા.૨૧ ડિસેમ્બરના શુભદિને શ્રી સંભવનાથ જિનાલયના ધ્વજારોહણ પ્રસંગે સંગીતના સથવારે ભક્તિભાવથી વિધિકાર સતરભેદી પૂજા ભણાવશે. શ્રી સંભવનાથ જિનાલયના ૩૪મી ધ્વજારોહણનો લાભ કાયમી ધોરણે ૯૯ વર્ષ સુધી માતુશ્રી તેજબાઈ ઉમરશી મેઘજી ગાલા દેવપુર-કચ્છ પરિવારએ લીધેલ છે તથા શ્રી ચંદ્રપ્રભ સ્વામી ગૃહ જિનાલયની ૩૪મી ધ્વજા રોહણનો લાભ માતુશ્રી ગુણવંતીબેન વાલજી ધરમશી કોઠારા કચ્છ પરિવારે લીધેલ છે.

માગસર સુદ ૭ સોમવાર તા.૨૧ ડિસેમ્બરના શુભદિને સતરભેદી પૂજા સવારના ૮ કલાકે સંગીતના સથવારે ભક્તિભાવથી શ્રી વીર ભગિની મંડળ ભણાવશે. ધ્વજા રોહણ સવારના ૯.૩૦ કલાકે ઉજવવામાં આવશે.

શ્રી સંભવનાથ જિનાલયમાં સવારના ૯.૩૦ કલાકે કાશ્મીરા વિસરીયા પોતાના સાથી કલાકારો સાથે સંગીતના સથવારે ભક્તિ ભાવથી સતરભેદી પૂજા ભણાવશે. ધ્વજા રોહણ સવારના ૧૦.૩૦ કલાકે ઉજવવામાં આવશે. વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સાધર્મિક ભક્તિ રાખેલ નથી. પ્રભાવના કરવામાં આવશે. લાભાર્થી પરિવાર માતુશ્રી તેજબાઈ ઉમરશી મેઘજી ગાલા કચ્છ ગામ દેવપુર ત્રણે જિનાલયોમાં આંગી રચવામાં આવશે અને શ્રી સંભવ જિન ભક્તિ મંડળ દ્વારા ભક્તિ ભાવના રાત્રે ૮ થી ૧૦ કલાક સુધી. સકલ સંઘને પધારવાનું ભાવભર્યું આમંત્રણ શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટીઓ દ્વારા અપાયેલ છે.

# શ્રી ગૌતમ ગુણ વિહાર પાલીતીર્થ (રાજસ્થાન)ના આગામી ધર્મ ઉત્સવો





શ્રી ગૌતમ ગુણ વિહાર પાલીતીર્થ (રાજસ્થાન) સંઘમાં ગુરૂગુણ કૃપા પાત્ર, કચ્છ કોહિનુર, મારવાડ રત્ન પ.પૂ.ગુરૂદેવ શ્રી કમલપ્રભસાગરજી મ.સા.ની ૪૩મા દીક્ષા તિથિના સંયમ અનુમોદના સમારોહ તા.૨૧ ડિસેમ્બર સોમવારના રોજ.

ગુરૂવાર તા. ૭ જાન્યુઆરીથી તા. ૯ જાન્યુઆરી ૨૦૨૧ શનિવારના પોષ દશમ આરાધના જેમાં સામૂહિક અઠ્ઠમ, પાર્શ્વ પદમાવતી પૂજન, પાર્શ્વનાથ મહાઅભિષેક અને વામા માતાનો થાળની ધર્મ આરાધનાઓ.


મહાસુદ ૧૪ને તા.૨૫ ફેબ્રુઆરીના છઠ્ઠી વાર્ષિક ધ્વજારોહણ નિધિ જેમાં તા.૨૪ ફેબ્રુઆરીના અઢાર અભિષેક અને તા.૨૫ ફેબ્રુઆરીના સતર ભેદી પૂજા, ધ્વજા રોહણ અને વાર્ષિક ચડાવા થશે. આ સર્વે ઉત્સવોમાં સંકલ સંઘ, ધ્વજાના સર્વે ભાગ્યશાળી લાભાર્થી પરિવારો મોંઘેરા દાતા પરિવારો, સર્વ ગુરૂભક્તોએ સપરિવાર પધારી શાસન શોભામાં અભિવૃધ્ધિ કરવાનો શ્રી સંઘ દ્વારા વિશેષ અનુરોધ છે. વિગતવાર કાર્યક્રમની રૂપરેખા પાછળથી જણાવાશે.

વિશેષ સુચનામાં કોરોનાની વર્તમાન પરિસ્થિતિને કારણે કાર્યક્રમમાં ફેરફાર થશે તો તેની જાણ કરાશે.

અઠ્ઠમ કરનાર વ્યક્તિએ પોતાના ખર્ચે જ ટિકિટ કઢાવીને આવવાનું રહેશે. પારણા, અતર પારણા, રહેવા આદિની વ્યવસ્થા આયોજક દાતા પરિવારની રહેશે. મર્યાદિત સંખ્યામાં જ નામ લેવાના હોઈ વહેલો તે પહેલોની રીતે નામ લેવાશે. જે માટે ગિરીશ મારૂ-૮૧૬૯૫૭૮૧૨૫ તથા હેમાંગ ગાલા-૮૬૯૬૭૮૪૧૪૦નો સંપર્ક કરવો.

# હર પુષ્પ નક્ષત્રમાં ઘરબેઠા ઓનલાઈન શ્રી મહાલક્ષ્મી દેવીની આરાધના સાથે કૃપા પ્રાપ્ત થવાનો સુવર્ણ અવસર






દરેક પુષ્પ નક્ષત્રમાં ઘર બેઠા ઓનલાઈન શ્રી મહાલક્ષ્મીદેવીની આરાધના કરવાનો અને સાથે શ્રી મહાલક્ષ્મીદેવીની કૃપા પ્રાપ્ત કરવાનો સુવર્ણ અવસર અને અલભ્ય આરાધનાનો મહાયજ્ઞ શરૂ થઈ રહ્યો છે.

અજોડ શાસન પ્રભાવક, અખંડ ૧૯મા વર્ષીતપના તપસ્વી રત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના શુભાશીર્વાદથી પ.પૂ.મુનિરાજ શ્રી કલ્પતરૂસાગરજી મ.સા.ના માર્ગદર્શનથી સર્વકામના સિધ્ધિ દાયક યંત્ર સન્મુખ પ્રભાવશાળી મંત્રની સાથે હર પુષ્પ નક્ષત્ર યોગમાં ઓનલાઈન સિધ્ધચક્ર આરાધના તથા મહાલક્ષ્મી આરાધના કરાવાશે. આરાધનાની શરૂઆત ક્યારથી થશે. ચિત્રનું પ્રાપ્તિ સ્થાન વિગેરેની વિસ્તાર સાથેની માહિતીએ સાથો સાથ યુટ્યૂબ લિંક, ગ્રુપ વિગેરેની રૂપરેખા ટૂંક સમયમાં સૌને અપાશે.

જેમ સિંહ બધા પ્રાણીઓમાં બળવાન છે. એવી રીતે પુષ્પ નક્ષત્ર બધા નક્ષત્રોમાં સૌથી બલવાન, પ્રભાવવાન નક્ષત્ર છે. પુષ્પ નક્ષત્ર બધી સિધ્ધિઓનો દાતાર છે. એવા કલ્પવૃક્ષ સમા પુષ્પ નક્ષત્ર આરાધનામાં જોડાશો તો અલભ્ય લાભ પામશો નહિં તો પસ્તાશો.

યુવા વર્ગને આ આરાધનામાં ખાસ જોડાવવાનો આગ્રહ છે. કારણ કે પુરૂષાર્થ હાર્ડવર્ક અને પુણ્ય-લક-બન્નેની હાજરીથી જીવનમાં સફળતા પ્રાપ્ત થાય છે. પુરૂષાર્થને પુણ્યનો બેકઅપ મળી જાય તો સક્સેસ આસાનીથી મળે છે. આ આરાધનાથી પુણ્યનું જબરદસ્ત બેકઅપ ઊભું થશે તો આ પુણ્યવર્ધક અભિયાનમાં યુવાનો ઉલ્લહાસથી જોડાશો.

જ્યોતિષાચાર્ય, મંત્ર પ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના વર્ષોના સંશોધન, અનુભવથી જે ભિન્ન ભિન્ન યંત્રો પ્રાપ્ત કર્યા એવા ભિન્ન ભિન્ન યંત્રોનું મિલન સ્વરૂપ એક સર્વકામના સિધ્ધિ દાયક યંત્ર થશે જે સૌને આપવામાં આવશે. પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. દ્વારા આપવામાં આવેલ મંત્ર દ્વારા અનુષ્ઠાન કરવામાં આવશે.

૨૭ પુષ્પ નક્ષત્ર સુધી આ ભવ્ય આરાધના કરવામાં આવશે. પંડિત વર્ય હરેશભાઈ ડુબડીયા વિધિ વિધાન આરાધના કરાવશે.

આરાધના યજ્ઞમાં જોડાવા થઈ જાઓ તૈયાર, જોડાશો તો પામશો નહીં તો ગુમાવશો સોનેરી અવસર ગોલ્ડન ચાન્સ.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# કેડીઓ નારીનું આત્મનિર્ભરતા તરફ એક પગલું

## 'સ્ત્રી શક્તિને સ્વસામર્થ્ય માટે ઉદાર દિલે ટેકો '



આપણી જ્ઞાતિની સ્ત્રી શક્તિને આત્મનિર્ભર બનાવવી એ સમાજની જવાબદારી છે. સમસ્ત મહાજન કેડીઓ સ્વરોજ કમિટી અને કેડીઓ નારી શક્તિએ જ્ઞાતિની ગૃહિણીઓ સ્વતંત્ર, સ્વનિર્ભર રીતે જીવન વ્યતિત કરે એવા ઉમદા ખ્યાલને હકિકતમાં પરિવર્તન કરવા સ્વમાન યોજનામાં આર્થિક સહાય આપનારને ડોનર કોટી કોટી વંદન.



પ્રેરણામૂર્તિ - પ્રેમિલાબાઈ કિશોરચંદ ખોના (ગામ-નલીયા)

## સ્વરોજ નિધિમાં

## Rs.20,000

# હ.શ્રીમતી હેમાબેન ગુલાબ છેડા

## (બેંગ્લોર)

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

નારી શક્તિ

KDO Swaroj
The taste of tradition

# કેડીઓ નારીનું આત્મનિર્ભરતા તરફ એક પગલું

## 'સ્ત્રી શક્તિને સ્વસામર્થ્ય માટે ઉદાર દિલે ટેકો '



આપણી જ્ઞાતિની સ્ત્રી શક્તિને આત્મનિર્ભર બનાવવી એ સમાજની જવાબદારી છે. સમસ્ત મહાજન કેડીઓ સ્વરોજ કમિટી અને કેડીઓ નારી શક્તિએ જ્ઞાતિની ગૃહિણીઓ સ્વતંત્ર, સ્વનિર્ભર રીતે જીવન વ્યતિત કરે એવા ઉમદા ખ્યાલને હકિકતમાં પરિવર્તન કરવા સ્વમાન યોજનામાં આર્થિક સહાય આપનારને ડોનર કોટી કોટી વંદન.



### નીરજ શાંતિલાલ નાગડાના જન્મજયંતિ નિમિતે

## સ્વરોજ નિધિમાં

## Rs.11,000

## અમી એન. નાગડા - મીના એસ. નાગડા
(નલીયા-માટુંગા)


UNLOCK YOUR BUSINESS
Under KDO B2B Platform
To boost your business is only KDO B2B's motto
Get your Business Advertisement FREE in our weekly emagazine GYATIMAIYA at 1st come 1st basis
Advertisement for any of your business, gruh udhyog, profesional services, etc.
Home operate business also can be advertised
POST YOUR
FREE ADS
KDO
BUSINESS
For further information please call 90990 41414 (Sheetal Dhulla)



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● રેલવે વિભાગ આગામી ૨૦૨૩ વર્ષ સુધી ૧૦૦ ટકા વિદ્યુતીકરણ દિશામાં પૂર જોશે આગળ વધી રહ્યું છે. તે સાથો સાથ દેશના તમામ ઝોનમાં અગ્રેસર રહેનાર ગાંધીધામ સબડિવિઝનમાં પણ વિદ્યુતીકરણના કામમાં ગતિશીલતા લાવવામાં આવશે તથા અત્રે વિદેશી મુડી રોકાણ અંતર્ગત બનતા ડિઝલ લોકો શેડને પણ ઈલેક્ટ્રીક શેડમાં પરિવર્તીત કરાશે એવું બે દિવસની કચ્છની મુલાકાતે આવેલા પશ્ચિમ રેલવે જનરલ મેનેજર આલોક કંસલે માહિતી આપતા જણાવ્યું હતું. કચ્છની ટ્રેનોમાં અત્યાધુનિક એલ.એચ.બી.કોચ લાગતા ન હોવા વિષેની ફરિયાદ સંદર્ભે તેમણે જણાવ્યું હતું કે રેલવેનો નિયમ છે કે ૨૦ વર્ષ બાદ આઈસીએફ કોચને કંડમ કરી દેવામાં આવે છે. હાલ આઈ.સી.એફ કોચનું ઉત્પાદન બંધ કરી દેવાયું છે. જેમ જેમ કોચ તૈયાર થતા જશે તેમ તેમ કચ્છની ટ્રેનો પણ અત્યાધુનિક કોચ સાથે દોડાવવામાં આવશે એવી તેમણે ખાત્રી ઉચ્ચારી હતી.

● માંડવી નગર સેવા સદનની ખાસ સામાન્ય સભા હરિરામ નથુભાઈ કોઠારી સભાગૃહમાં મળી હતી. જેમાં ચોમાસા દરમ્યાન શહેરના આંતરિક રસ્તાઓનું ધોવાણ થતા વિવિધ રસ્તાઓને સિમેન્ટ ક્રોકિંટથી મરમત કરવા ઉપરાંત માંડવી નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૩૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી જે અન્વયે ટોપણસર તળાવ પાસે મ્યુઝિમ બનાવવા તથા ટોપણસર તળાવ તેમજ મંગલેશ્વર તળાવની વરસાદી આવની કેનાલ બનાવવા નિર્ણય લેવાયો હતો.

● કચ્છએ હડપ્પન સંસ્કૃતિનો અને પુરાત્વીઓ માટે શોધનો ખજાનો છે. લગભગ ચાર હજાર વર્ષ પહેલાં હડપ્પન સંસ્કૃતિ કૃષિ પ્રધાન હતી અને લોકો પશુપાલન કરતા હતા. તેમજ દુધની ડેરી પણ હતી એવું તારણ નખત્રાણા તાલુકામાં આવેલી કોટડા ભડલી પુરાત્વી સાઈટ પર વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા થયેલા સંશોધનના તારણમાં આ તથ્ય બહાર આવ્યું છે. કચ્છમાં ધોળાવીરાથી કાનમેર અને ખીરસરાથી દેશલપર સુધી હડપ્પન સાઈડ પથરાયેલી છે.

● ભુજના ચાર વર્ષીય બાળક મૌર્ય એમ.સોનીએ 'ટેલેસ્ટ પેપર ગ્લાસ પિરામિડ'નો ૨૫ સ્ટેપ સાથે ૭૫ ફૂટનો ટોલેસ્ટ પિરામિડ ગણતરીની મિનિટોમાં બનાવી વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયા બુકમાં સ્થાન મેળવી નવો કીર્તિમાન રચ્યો હતો સાથે ભારતનો સૌથી નાની વયનો રેકોર્ડ હોલ્ડર બનવાનો ખિતાબ પણ મેળવ્યો છે. રેકોર્ડના સમયે વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ પાવન સોંલકી વીડિયો કોલ મારફતે લાઈવ રહ્યા હતા અને ત્યારબાદ રેકોર્ડ તપાસીને પ્રમાણપત્ર તેમજ ગોલ્ડ મેડલ આપીને સન્માનિત કર્યું હતું. મૌર્ય હવે આગળ 'ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ'ની તૈયારી કરી રહ્યો છે.

● કોવિડ વાયરસે દુનિયાભરમાં છેલ્લા નવ મહિનાથી હાહાકાર મચાવી રાખ્યો છે. જેમાં સૌથી વધુ પડકાર આરોગ્ય તંત્ર ઝીલી રહ્યું છે. શરીરની ધમણ કહેવાતા ફેફસાં ઉપર આ રોગનો હુમલો થતો હોવાથી હોસ્પિટલોને ઓક્સિજનની વધુ જરૂર પડે છે. જે દિન બદિન વધતી રહી છે. કારણ કે કેસોનું પ્રમાણ ઊંચે જઈ રહ્યું છે. હવે મોટી હોસ્પિટલો જાતે પોતાના ઓક્સિજન પ્લાન્ટ વિકસાવી રહ્યી છે. ભુજની જનરલ હોસ્પિટલમાં ત્રીજો પ્લાન્ટ ઊભો કરાઈ રહ્યાના સમાચાર છે. આ ઓક્સિજન જે મોટા કાળા સિલેન્ડરમાં કે જમ્બો બોટલમાં ભરાય છે એના ઉત્પાદનનું કચ્છ એ વિશ્વના બીજા ક્રમનું સૌથી મોટું હબ છે અને કોવિડની લડતમાં કચ્છ સ્થિત સિલિન્ડર ઉત્પાદક કંપનીઓ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. કચ્છમાં ઉત્પાદિત હાઈપ્રેશર ઓક્સિજન ગેસ સિલિન્ડર માત્ર ગુજરાત નહીં ભારતભરમાં પહોંચે છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



હિરબાઈ એમ. લોડાયા
તા.૧૨ ડિસે. (ઉ.૭૯)
કોઠારા-કોઠારા



ભાવિન એમ. મુનવર
તા.૧૨ ડિસે. (ઉ.૩૭)
જખૌ-ડોંબિવલી (પૂ.)



મુલચંદ એન. છેડા
તા.૧૬ ડિસે. (ઉ.૮૩)
સુજાપુર-ઈંદોર



પ્રવિણાબેન એચ. મૈશેરી
તા.૧૫ ડિસે.
વારાપધ્ધર-હુબલી



રમાબેન એલ. લોડાયા
તા.૧૬ ડિસે. (ઉ.૮૨)
મોટી સિંધોડી



શીલાબેન એચ. ધુલ્લા
તા.૧૩ ડિસે. (ઉ.૬૭)
દલતુંગી-હૈદરાબાદ



લક્ષ્મી જી. મોમાયા
તા.૧૩ ડિસે. (ઉ.૭૭)
સાંયરા-દેવલાલી



વનમાલાબેન પી. મોમાયા
તા.૧૯ ડિસે. (ઉ.૭૫)
મોટી સિંધોડી-ડોંબિવલી




રેખાબેન એસ. શિઆલ
તા.૧૯ ડિસે. (ઉ.૫૯)
જખૌ-માંડવી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)

Plan the present, secure the future.
Get a Family Insurance!



insurancekhoj.com™
the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL